# ગાય આધારિત પ્રવાસન સર્કિટમાં ધર્મજની ગૌચર લેન્ડનો સમાવેશ

## કેન્દ્રિય કામધેનુ આયોગ દ્વારા ગુજરાતને ગાય આધારિત પ્રવાસન કેન્દ્ર બનાવવાની યોજના

આણંદ, તા. ૨૩

મધ્યપ્રદેશ સરકાર દ્વારા ગાયોના સંવર્ધન અને સંરક્ષણ માટે કેબિનેટની રચના કરવા સાથે કાઉ સેસ પણ અમલી બનાવવા આયોજન કર્યુ છે. ગાયોની વધુ સંખ્યા ધરાવતા ગુજરાતમાં ગાય આધારિત પ્રવાસન કેન્દ્ર બનાવવા માટે કેન્દ્રિય કામધેનુ આયોગ દ્વારા યોજના બનાવવામાં આવી છે. આ યોજનામાં ગુજરાતની ગૌશાળાઓ તથા પેટલાદ તાલુકાના ધર્મજમાં આવેલ ગૌચર લેન્ડનો પણ પ્રવાસન સર્કિટમાં સમાવેશ કરાયો છે.

ભારત સરકારના પ્રયાસથી ગાય આધારિત પ્રવાસન કેન્દ્ર ઉભા કરવાની યોજના અંગે રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન વલ્લભ કથીરીયાએ જણાવ્યું હતું કે, હાલ કોરોનાના કારણે ગાય પ્રવાસન સર્કીટની કામગીરી હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે. પરંતુ કોરોના સમાપ્ત થયા બાદ ગુજરાતમાં ગાય આધારિત ટુરીઝમનો વિકાસ કરાશે. આ રૂટમાં ગુજરાત ઉપરાંત હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ અને ગોવાનો પણ સમાવેશ કરાયો છે.

વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં અલગ અલગ જાતિની ગાયો સૌરાષ્ટ્ર, ઉ. ગુજરાત, મ. ગુજરાત અને દ. ગુજરાતમાં વહેંચાયેલી છે. ઉપરાંત રાજયમાં ૮૦૦થી વધુ ગૌશાળાઓ આવેલી છે. જેનો પણ ગાય પ્રવાસન સર્કિટમાં સમાવેશ કરાયો છે. આ ગૌ પ્રવાસન ટૂર માટે ખાસ પેકેજનું પણ આયોજન કરાશે.